૨૬૪ (૬) બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની પેન્શન યોજના : ગ્રાન્ટ ન લેતી શાળાઓની નોકરી પેન્શનપાત્ર ગણવા અંગે

ઠરાવક્રમાંક : એસએસએન-૧૧૭૭/૩૮૯૪
તા.૫-૨-'૮૦.

વંચાણમાં લીધા : (૧) ભૂતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગનો સરકારી ઠરાવ નં. એસએસએન ૩૪૭૦/૪૧૮૪૫-ગ. તા.૨૧-૧૨-'૭૧

(૨) શિક્ષણ વિભાગનો પરિપત્ર નં. એસએસએન-૩૪૭૩/૩૨૭૯૯-ગ, તા.૨૯-૫-'૭૪.

(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ નં. એસએસએન- ૩૪૭૫/૮૪૫૪૮/૭૭-ગ. તા.૧૯-૧૨-૭૭

(૪) શિક્ષણ વિભાગનો સરકારી ઠરાવ નં. એસએસએન- ૩૪૭૭/૧૦૬૨૫-ગ. તા. ૩૧-૮-'૭૯

(૫) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુ. રા. અમદાવાદનો પત્ર નં.૧૮/મબશ- જનરલ-ધ/૨૦૯૫૧ તા.૨૦-૧-'૭૮.

**ઠરાવ :** સરકાર સહાયિત અને માન્ય બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને તા.૨૧-૧૨-'૭૧ના ઠરાવ અન્વયે પેન્શન યોજનાનો લાભ આપવામાં આવ્યો છે તેથી બિનસહાયિત માન્ય માધ્યમિક શાળાના કર્મચારીઓ પેન્શન યોજનામાંથી વંચિત રહે છે. આ શાળાઓના કર્મચારીઓને પેન્શન યોજનાનો લાભ આપવા બાબત કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ સ્વૈચ્છિક રીતે ગ્રાન્ટ ન લેતી તથા વહીવટી કારણોસર ગ્રાન્ટ ન આપવામાં આવતી હોય તેવી માન્ય માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક અધ્યાપન મંદિરોના કર્મચારીઓને નીચેની શરતોએ પેન્શન યોજનાનો લાભ આપવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

(૧) સ્વૈચ્છિક રીતે ગ્રાન્ટ લેતી માન્ય માધ્યમિક શાળાના કર્મચારીઓને શાળાની અંગત સી.પી.એફ. યોજના અન્વયે સંસ્થાએ આપેલો ફાળો અથવા જે-તે વખતે અમલમાં હોય તેવા નિયમો હેઠળ આપવાનો થતો પેન્શન ફાળો તે બેમાંથી જે વધુ હોય તે રકમ સરકારમાં જમા કરાવવી.

(૨) ગ્રાન્ટ ન આપવામાં આવતી હોય તેવી માન્ય માધ્યમિક શાળાઓના કર્મચારીઓ સી.પી.એફ. યોજનામાં જોડાયા હોય તો તે અંગે સરકારનો ફાળો સરકારી તિજોરીમાં જમા કરાવવો. આમ છતાં જે કિસ્સાઓ સરકારના તા.૨૯-૫-'૭૪ના પરિપત્ર તથા તા.૩૧-૮-'૭૯ના ઠરાવ અન્વયે કરવામાં આવેલી સ્પષ્ટતાઓ/જોગવાઈઓમાં આવી જતાં હોય તો તે પ્રમાણે નિયમિત કરવાના છે.

(૩) તા.૧૯-૧૨-'૭૭ના ઠરાવ અન્વયે જૂના મુંબઈ રાજ્યની નોકરી પેન્શનપાત્ર ગણવામાં આવી છે. તે ઠરાવમાંથી 'સહાયિત' શબ્દ રદ કરવામાં આવે છે. આવી રીતે પેન્શન યોજનામાં સુધારાવધારા દર્શાવતા અન્ય હુકમોમાં 'સહાયિત' શબ્દ રદ સમજવો અને ઉપરોક્ત શરત (૧) અને (૨) મુજબ જે-તે કિસ્સાઓ નિયમિત કરવા.

(૪) ઉપરોક્ત ક્રમ ક્રમ(૧) અને (૨)માં જણાવેલ શાળાઓની નોકરી પેન્શનપાત્ર હોવી જરૂરી છે.

(૫) આ હુકમો પ્રાથમિક શાળાના શિક્ષકોને તાલીમ આપતા બિનસરકારી અધ્યાપન મંદિરોના કર્મચારીઓને અક્ષરશઃ લાગુ પડે છે.

આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલક્રમાંક : એસએસએન -૧૧૭૭/૩૮૩૪-ગ ઉપર નાણા વિભાગની સંમતિ તા.૧૯-૭-'૭૯ના રોજ મેળવી રવાના કરવામાં આવે છે.

સહી, ચી મો. કોઠારી
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ.